सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૨૩/૦૩/૨૦૨૬ | | |
| રજીસ્ટર તારીખ | ૨૩/૦૩/૨૦૨૬ | | |
| નિકાલ તારીખ | ૦૧/૦૪/૨૦૨૬ | | |
| સમય અવધી | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૧૦ |

**રાજકોટના મહે. એડિશનલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં,**
**મુકામઃ રાજકોટ.**

**ફોજદારી પરચુરણ અરજી નંબરઃ ૮૬૧/૨૦૨૬.**
**આંકઃ ૦૬**

**અરજદાર/આરોપી.**

**દિવ્યેશભાઇ નારણભાઇ ચંદરોલા,**
ઉ.વ. ૩૫, વ્યવસાયઃ ખેતી,
રહે. ગામ–વાછકપર બેડી, તા.જી.રાજકોટ.
**(હાલઃ સેન્ટ્રલ જેલ–રાજકોટ.)**

**–// વિરૂધ્ધ //–**

**સામાવાળા.**

**શ્રી સરકાર.**

**બાબતઃ બી.એન.એસ.એસ. કલમ ૪૮૩ મુજબ રેગ્યુલર જામીન અરજી.**

---

**અરજદાર તરફે :– વિદ્વાન વકિલશ્રી પી.એમ.જાડેજા.**
**સામાવાળા તરફે :– વિદ્વાન એ.પી.પી. શ્રી કે.બી.ડોડીયા.**

---

<u>ચુ કા દો</u> –

૧. રાજકોટ શહેર, કુવાડવા રોડ પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નંબરઃ ૧૧૨૦૮૦૩૭૨૬૦૧૫૯/૨૦૨૬, પ્રોહીબીશન એકટની કલમ–૬૫(ઇ),૧૧૬(બી), ૮૧ મુજબના ગુનામાં અરજદાર જયુડીશ્યલ કસ્ટડીમાં છે અને અરજદારે હાલની આ અરજી બી.એન.એસ.એસ.ની કલમ ૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન પર મુક્ત થવા માટે અત્રેની અદાલતમાં દાખલ કરેલ છે.

૨. આ અરજી દાખલ થતાં સામાવાળાને નોટીસ કરવામાં આવેલ અને નોટીસ બજતા સામાવાળા/સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી હાજર થયેલા છે તથા તપાસ કરનાર અધિકારીનુ સોગંદનામું રજુ રાખેલ છે.

૩. અરજદાર તરફે વિદ્બાન વકિલશ્રીએ દલીલ કરી જણાવે છે કે, અરજદાર/આરોપી નિર્દોષ છે, કહેવાતો કોઇ ગુન્હો કરેલ નથી. રાત્રીના ૧૨ વાગ્યે બાતમી મળેલ છે અને ૩ વાગ્યે કહેવાતી જગ્યાએ રેડ કરેલ છે. ખેતરમાં દારૂનો જથ્થો હોવાની બાતમી મળેલ છે અને રાત્રીના ૩ વાગ્યે પંચનામું કરેલ જે શંકાસ્પદ જણાઇ છે. બનાવ સ્થળે જવામાં ૧૫ થી ૨૦ મિનીટનો સમય લાગે તેમ છે. હાલના અરજદાર જમીન માલીક નથી કે બનાવ સ્થળવાળી ઓરડીમાં રહેતા નથી અને તેમા ખેતમજુરો રહેતા હોય છે. હાલના અરજદાર વિરૂધ્ધનો ૧ ગુનો પુરો થઇ ગયા બાદ બીજો કોઇ ગુનો નથી. યુવાન વયના છે. પરીવારની જવાબદારી રહેલ છે. ચાર વર્ષનો દિકરો છે. પિતા પેરાલીસીસથી પિડાય છે અને બેડરેસ્ટ છે. નામદાર કોર્ટ ફરમાવે તે તમામ શરતોનુ પાલન કરવા ખુશી અને તૈયાર છે. જેથી હાલના અરજદારને જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

૪. સામાવાળા/સરકાર તરફે વિધ્વાન સ્પે.એ.પી.પી.શ્રીએ એવી

રજુઆત કરેલ છે કે, કુલ ૯,૩૯,૦૦૦/– નો મુદામાલ રીકવર થયેલ છે. અરજદારના કબજાભોગવટાવાળી વાડી છે. તેનુ લાઇટ બીલ રજુ કરેલ છે. લાઇટબીલ પિતાના નામનુ છે. સ્થળ ઉપર પકડાયેલ છે. બીજા આરોપીનુ નામ ખુલેલ છે. તે વાડીએ મુકી ગયેલ છે. તપાસ ચાલુ છે. જેથી તપાસ કરનાર અમલદારનુ સોગંદનામું ધ્યાને લઇ અરજદાર/આરોપીની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

૫. બંને પક્ષકારોને સાંભળ્યા, તપાસ કરનાર અમલદારનુ સોગંદનામું વંચાણે લીધુ. તપાસ કરનાર અમલદારના સોગંદનામું વંચાણે લેતા આ કામના અરજદાર/આરોપીની કબજા–ભોગવટાવાળી વાડીમા કોઇપણ જાતની પાસ–પરમીટ કે આધાર વગર ભારતીય બનાવટના ઇંગ્લીશ દારૂના ચપલા(૧) ઓલ સીઝન્સ ગોલ્ડ કલેકશન રીઝર્વ વ્હીસ્કી ફોર સેલ ઇન યુ.ટી.ચંદીગઢ ઓન્લી લખેલ ૧૮૦ એમ.એલ.ની પ્લાસ્ટીકના કંપની શીલબંધ ચપલા નંગ–૨૧૧૨, કિંમત રૂા.૬,૩૩,૬૦૦/– તથા (૨) રોયલ ચેલેન્જ ફાઇન રીઝર્વ વ્હીસ્કી ફોર સેલ ઇન યુ.ટી.ચંદીગઢ ઓન્લી લખેલ ૧૮૦ એમ.એલ.ની પ્લાસ્ટીકના કંપની શીલબંધ ચપલા નંગ–૬૨૪, કિંમત રૂા.૧,૮૭,૨૦૦/– તથા (૩) સુપર જુબીલી સ્પેશ્યલ વ્હીસ્કી ફોર સેલ ઇન યુ.ટી.ચંદીગઢ ઓન્લી લખેલ ૧૮૦ એમ.એલ.ની પ્લાસ્ટીકના કંપની શીલબંધ ચપલા નંગ–૩૮૪, કિંમત રૂા.૧,૧૫,૨૦૦/– એમ મળી કુલ ભારતીય બનાવટના અલગ–અલગ બ્રાંડના ચપલા નંગ–૩૧૨૦, કિંમત રૂા.૯,૩૬,૦૦૦/– નો મુદામાલ કબજે કરેલ છે. આ કામે પોલીસ પેપર્સ વંચાણે લેતા આ કામના અરજદાર/આરોપી બનાવવાળા સ્થળના કબજામા હોય તેવા કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલાનુ જણાઇ આવતુ નથી. વધુમાં આ કામના

અરજદાર/આરોપી બનાવસ્થળના માલીક હોય તે અંગેના રેવન્યુ રેકર્ડ રજુ થયેલ નથી. વધુમાં મુદામાલ રીકવર થઇ ગયેલ છે. આ તમામ સંજોગો અને કારણો ધ્યાને લેતા અરજદારને વધુ સમય જેલમા રાખવામા આવે તો પ્રિ–ટ્રાયલ કન્વીકશન થાય તેમ હોય જેથી નામ.સુપ્રિમ કોર્ટના સંજય ચંદ્રાના ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેતા અરજદાર/આરોપીની તરફેણમાં વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરવો ન્યાયોચીત જણાય છે. જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–// હુકમ //–**

**૧.** અરજદાર/આરોપીની હાલની અરજી આથી **મંજુર** કરવામાં આવે છે.

**૨.** અરજદાર/આરોપી **દિવ્યેશભાઈ નારણભાઈ ચંદરોલા,** ઉ.વ. ૩૫, વ્યવસાયઃ ખેતી, રહે. ગામ–વાછકપર બેડી, તા.જી.રાજકોટ નાઓને રાજકોટ શહેર, કુવાડવા રોડ પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નંબરઃ ૧૧૨૦૮૦૩૭૨૬૦૧૫૯/૨૦૨૬, પ્રોહીબીશન એકટની કલમ–૬૫(ઈ),૧૧૬(બી), ૮૧ મુજબના ગુનાના કામે અરજદાર/આરોપીએ રૂા.૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાત–જામીન આપ્યેથી તેઓને નીચેની શરતોને આધિન બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ અન્વયે જામીન મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતો:–**

૧) અરજદાર/આરોપીએ તપાસના કામે સહકાર આપવો તથા તપાસ કરનાર અમલદાર જયારે બોલાવે ત્યારે હાજર રહેવું.

૨) અરજદાર/આરોપીએ ફરીયાદ પક્ષના સાહેદોને સીધી કે આડકતરી રીતે ધાક ધમકી કે લોભ, લાલચ, પ્રલોભન આપી ફોડવાની કોશિશ કરવી કે કરાવવી નહી તથા ફરીયાદ પક્ષના કેસને નુકશાન થાય તેવું કૃત્ય કરવું કે કરાવવું નહી.

૩) અરજદાર/આરોપીએ પોતાનું રહેણાંકનુ કાયમી સરનામુ આધારકાર્ડ અથવા ચુંટણીકાર્ડની નકલની વિગતો સાથે પોતાનો મોબાઈલ નંબર સંબંધિત કોર્ટમાં લેખિતમાં પુરસીસથી જાહેર કરવો તથા તેમાં ફેરફાર થયે નવી વિગતો સંબંધિત કોર્ટમાં રજુ કરવાની રહેશે.

૪) અરજદાર જો પાસપોર્ટ ધરાવતા હોય તો તે સંબંધિત કોર્ટમાં સાત દિવસમાં જમા કરાવવો, જો પાસપોર્ટ ધરાવતા ના હોય તો તે અંગેનુ સોગંદનામું રજુ કરવું.

૫) અરજદાર આરોપીએ આ કેસની ટ્રાયલ દરમ્યાન નિયમિત રીતે હાજર રહેવું.

૬) વધુમાં, અરજદાર આરોપીએ તેમની વિરુધ્ધના કેસનો આખરી નિકાલ ન થાય ત્યાં સુધી હકુમત ધરાવતી કોર્ટની પરવાનગી વગર ભારત દેશની બહાર જવુ નહિ.

- હુકમની જાણ કરતી યાદી સંબંધિત કોર્ટ તથા પોલીસ સ્ટેશનને મોકલવી.

હુકમ, આજ તારીખઃ ૦૧લી, માહેઃ એપ્રિલ, સનેઃ ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ ૦૧/૦૪/૨૦૨૬
સ્થળઃ રાજકોટ.

**(વિજયસિંહ અભેસિંહ રાણા)**
સ્પે.જજ(પોકસો કોર્ટ) અને
એડીશનલ સેશન્સ જજ,
રાજકોટ.
(UIC NO.GJ 01510)

*//VVK//*